## દેવદ્રવ્યના ઉપયોગ વિષે ઠરાવ

ટેન્ડુલકર કમીટીએ ઉપસ્થિત કરેલા મંદિરના વધારાનાં નાણાં-ના ઉપયોગના પ્રશ્ન વિષે જૈન સમાજમાં જે ક્ષુબ્ધ વાતાવરણ પેદા થયું છે તેના અનુસંધાનમાં દેવદ્રવ્યના ઉપયોગ પરત્વે તા. ૧૩-૭-૪૮ મંગળવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ પોતાની નીતિ અને અભિપ્રાય સ્પષ્ટ કરતા નીચે મુજબના ત્રણ ઠરાવો પસાર કર્યા છે.

(૧) દેવદ્રવ્ય સંબંધે મુંબઇ જૈન યુવક સંઘની નીતિનું આ સભા ફરીથી સંપૂર્ણ સમર્થન કરે છે.

(શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની આ સંબંધે શું નીતિ છે તે સંબંધે સંઘના સભ્યો તેમ જ પ્રબુદ્ધ જૈનના વાંચકોને સ્પષ્ટ ખ્યાલ આવે તે હેતુથી સંઘના બંધારણમાંની પ્રસ્તુત કલમો અહિં અવતરિત કરવામાં આવે છે:—

(ક) આજે ચાલી રહેલી મૂર્તિપૂજા પાછળના વહેમો અને ખોટી માન્યતાઓ દૂર થવી જોઇએ.

(ખ) મૂર્તિને શણગારવાની અને આંગીઆભૂષણ ચઢાવવાની પ્રથા જૈન મૂર્તિપૂજાની કલ્પના અને આદર્શ સાથે બંધબેસતી નહિ હોવાથી તે પ્રથાનો સર્વત્ર નિષેધ થવો જોઇએ.

(ગ) બીનજરૂરી નવાં મંદિરો બંધાવવા પાછળ તેમ જ ચાલુ મંદિરોમાં બીનજરૂરી શોભા શણગાર પાછળ થતો દ્રવ્યનો પુષ્કળ વ્યય બંધ થવો જોઇએ.

(ઘ) મંદિરોને સાદી રીતે નિભાવતાં બચતી આવકનો તેમ જ એકત્ર થયેલી મુડીનો જનકલ્યાણનાં કાર્યોમાં ચાલુ ઉપયોગ થવો જોઇએ.

(ઙ) દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવાં મંદિરોની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરી આ સંઘનો સભ્ય વધારો કરશે નહિ.

(ચ) જ્યારે કોઇ પણ ધાર્મિક અથવા સામાજિક રૂઢિ કે પ્રણાલિકા દેશ અથવા સમાજના સ્વાસ્થ્ય કે ઉત્કર્ષને બાધક જણાશે ત્યારે તે રૂઢિ કે પ્રણાલિકાના સમર્થનમાં રજુ થતા શાસ્ત્રના ઉલ્લેખોને જરા પણ બંધનકર્તા ગણવામાં આવશે નહિ. આવી બાબતોમાં જરૂર જણાયે સરકારી કાયદાઓ કરાવવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં પણ આ યુવક સંઘ પાછી પાની કરશે નહિ.)

(૨) અમુક માન્યતાઓના કારણે દેવદ્રવ્યનો ઉપરની નીતિ મુજબ ઉપયોગ કરવામાં કાયદાની કોઇ આડખીલી હોય તો એવી આડખીલી દૂર થવી જોઇએ એમ અમો માનીએ છીએ.

(૩) ઉપર મુજબનો ઉપયોગ કરવાની પુરી અનુકુળતા હોય ત્યાં પણ ટ્રસ્ટીઓ એવો ઉપયોગ ન કરે તો જનકલ્યાણના કાર્યોમાં એવો ઉપયોગ કરવાની કાયદાથી તેમને ફરજ પાડી શકાય એવી અમારી માન્યતા છે.

આ ઠરાવો તેમ જ દેવદ્રવ્યના અંગે મુંબઇ જૈન યુવક સંઘની નીતિ-બંનેને યથાર્થપણે સમજી લેવા, તેને મક્કમપણે વળગી રહેવા અને જ્યારે અનેક બાજુએથી મુંબઈ જૈન યુવક સંઘ ઉપર જૈન સમાજના કેટલાક વર્ગના આક્રમણની શરૂઆત થઇ રહી છે, ત્યારે સંઘની નીતિ તેમ જ ઉપર જણાવેલા ઠરાવોને પુરેપુરા વફાદાર રહીને સંઘના ધ્યેય તેમ જ પ્રવૃત્તિને બને તેટલો વેગ આપવા સંઘના સર્વ સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. કોઇ પણ સભ્ય આથી અન્યથા વર્તન કરીને સંઘની પ્રતિષ્ઠાને ધક્કો નહિ પહોંચાડે એવી દરેક સભ્ય તરફથી આશા રાખવામાં આવે છે.